1

Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૪૧૬૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૦૯ /૦૪/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ સુરત. જિ - સુરત.

આ સાથે સામેલ નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,કચેરી સુરતના પત્ર ક્રમાંકઃ અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૩-૨૪/૧૧૦૭ થી ૧૧૧૬ તા.૦૪/૦૩/૨૦૨૪ અન્વયે ધોરણ-૧૧ અને ૧૨ ના વિદ્યાર્થિઓની પડતર રહેલ પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ અન્વયે તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણઃ- ઉકત પરિપત્રની નકલ

ખુબ જ અગત્યનું/તાત્કાલિક

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in    ફોન નં. ૦૨૬૧ - ૨૪૬૪૪૩૦


નં.-ના.નિ.અજાક/પો.મેટ્રીક/૨૦૨૩-૨૪/ ૧૯૦૭થી ૧૧૧૬    તા.04/04/2024

પ્રતિ ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.

(૨) રજીસ્ટ્રારશ્રી,ઓરો યુનિવર્સીટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ

(૩) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી

(૪) રજીસ્ટ્રારશ્રી,પી પી સવાણી યુનિવર્સીટી

(૫) રજીસ્ટ્રારશ્રી,સાર્વજનિક યુનિવર્સીટી

(૬) રજીસ્ટ્રારશ્રી,ઉકા તરસાડીયા યુનિવર્સીટી

(૭) રજીસ્ટ્રારશ્રી,વનીતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સીટી

(૮) કુલ સચિવશ્રી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી

(૯) રજીસ્ટ્રારશ્રી,વિદ્યાદીપ યુનિવર્સીટી

(૧૦) આચાર્યશ્રી , આઈ.ટી.આઈ , સુરત


જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
2182


વિષય:- વર્ષ - ૨૦૨૩-૨૪ ની ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પરની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિનીપડતર અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ 2023-24 ની અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ઘણી દરખાસ્તો ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પર પડતર રહેલ છે તેવું જણાયેલ છે

શૈક્ષણિક વર્ષ- 2023-24 પૂર્ણ થયેલ હોવા છતાં સુરત જિલ્લાની ઘણી ઉચ્ચતર માધ્યમિક શાળા શાળાઓની (ધો -11 અને 12) તથા કોલેજ/સંસ્થા ની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ નથી તથા digital gujarat પોર્ટલ પર આચાર્ય લેવલ પર પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની અરજીઓ પડતર રહેલ છે તેવું જોવા મળેલ છે. નિયામક ,અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની સૂચના મુજબ શૈક્ષણિક વર્ષ- 2023-24 ની અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા જણાવેલ છે. આથી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજો /સંસ્થા ને તાત્કાલીક પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અરજી DIGITAL GUJARAT PORTAL મારફત online મોકલવી તથા હાર્ડ કોપી ચેક લીસ્ટ મુજબ તમામ જરૂરી સાધનિક કાગળો સહિત ઘટતિ કાર્યવાહી કરી અત્રેની કચેરી ને રજૂ કરવા જણાવવામાં આવે છે.